ભા.કૃ.અનુ.પ.- મગફળી સંશોધન નિદેશાલય

જુનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧

# ચોમાસા ની ઋતુ ને અનુલક્ષી ને મગફળી માં આકસ્મિક આયોજન

| પરિસ્થિતિ | આયોજન / શું કરવું ? |
|---|---|
| ચોમાસા ની મોડી શરૂઆત | |
| ૧. સામાન્ય કરતા ૨ અઠવાડિયા મોડું (જુન નું ચોથું અઠવાડિયું) | ભલામણ કરેલ કોઈપણ અર્ધ વેલડી અથવા વેલડી મગફળી ની જાતો નું વાવેતર કરવું |
| ૨. સામાન્ય કરતા ૪ અઠવાડિયા મોડું (જુલાઈ નું બીજું અઠવાડિયું) | ઉભડી જતો જેવી કે જીજી ૨, જીજી ૫, જીજી ૭ નું ૪૫ સે.મી. અંતર રાખી વાવેતર કરવું અથવા અર્ધ વેલડી જાત જીજી ૨૦ નું ૬૦ સે.મી. અંતર રાખી વાવેતર કરવું |
| ૩. સામાન્ય કરતા ૬ અઠવાડિયા મોડું (જુલાઈ નું ચોથું અઠવાડિયું) | મગફળી નું વાવેતર ન કરતા મગ ની જાતો જેવી કે ગુજરાત ૪ અથવા કે-૮૫ વાવવી અથવા તલ ની જતો જેવી કે પૂર્વા-૧ અથવા જુવાર (ગુંધરી ,એસ.૧૦૪૯) અથવા દિવેલા (જી.સી.એચ. ૧, જી.સી.એચ. ૬) અથવા તુવેર બી.ડી.એન.૨ અથવા કપાસ(ગુજરાત કપાસ ૧૩,૧૫ અથવા ૨૧ ) નું વાવેતર કરવું. |
| ૪. સામાન્ય કરતા ૮ અઠવાડિયા મોડું (ઓગસ્ટ નું બીજું અઠવાડિયું ) | તલ ની જતો જેવી કે પૂર્વા-૧ અથવા જુવાર (ગુંધરી ,એસ.૧૦૪૯) અથવા દિવેલા જી.સી.એચ. ૧, જી.સી.એચ.૫ અથવા ૬) નું વાવેતર કરવું |
| ચોમાસાની સમયસર શરૂઆત , ચોમાસા ની સામાન્ય શરૂઆત બાદ ૧૫ થી ૨૦ દિવસ વરસાદ વગર જાય અને બીજ અંકુરણ નબળું થાય તેવી સ્થતિ | ૧. ખાલા પૂરવા<br>૨. જમીન માં પડેલી તિરાડ ને આંતરખેડ કરી ને પૂરવી<br>૩. ઘઉં ના પરાડનું આવરણ અથવા પ્લાસ્ટિક (૨૫ માઈક્રોન )નું એક હેક્ટરે ૨૦૦ કિલો પ્રમાણે આવરણ કરવું |

Scanned with CamScanner

| ચોમાસા ની મધ્ય માં (સતત બે અઠવાડિયા) વરસાદ ખેંચાય તો શું કરવું | |
|---|---|
| ૧. વાનસ્પતિક વૃદ્ધિ ના સમયે વરસાદ ખેંચાય તો | ૧. નિંદામણ કરવું<br>૨. ચુસીયા પ્રકારની જીવાત જેવી કે જેસીડ નું નિયંત્રણ મિથાઇલ-ઓ-ડીમેટોન અથવા ડાઈમીથોએટ દવા ૧૦ લીટર માં ૧૦ મી.લી. પ્રમાણે છંટકાવ કરવો |
| ૨. ફૂલ ઉઘાડવાના સમયે / ડોડવા બંધાવા ના સમયે | નિંદામણ કરીને પુરક પિયત આપવું |
| ચોમાસાની વહેલી વિદાય | સંગ્રહ કરેલ વરસાદ ના પાણી માંથી પુરક પિયત આપવું |
| વધુ પડતા વરસાદની પરિસ્થતિ (સતત ૨ દિવસ વરસાદ પડે તો) | ૧. આગોતરા પગલા રૂપે પાણી નીતારવા નો ધોરીઓ બનાવવો અને પાણી ને નિતારવું<br>૨. પાનના ટપકા ના રોગ (ટીક્કા) ના નિયંત્રણ માટે ફૂગનાશક દવા કાર્બેન્ડાઝીમ 0.0૫ ટકા અને ગેરુ ના નિયંત્રણ માટે હેક્ષાકોનાઝોલ 0.00૨૫ ટકા નો છંટકાવ કરવો<br>3. પીળાશ ના ના નિયંત્રણ માટે ૧૦ લીટર પાણી માં ૧00 ગ્રામ હીરાકશી (ફેરસ સલ્ફેટ) તથા ૧૦ ગ્રામ લીંબુ ના ફૂલ ને મિક્ષ કરી છોડ ઉપર છંટકાવ કરવો. |
| સતત વરસાદ પડવાથી પાણી ભરાઈ જવું | ૧. જો શક્ય હોય તો વેલડી મગફળી ને મોડી ઉપાડો તથા ઉભડી મગફળી ને તુરંત ઉપાડો<br>૨. આગોતરા પગલા રૂપે સપાટી પર ભરાયેલ પાણી નિતારવું, તથા ખેતરની આસપાસ નિકાસ ધોરીઓ બનાવવો<br>3. વરસાદ માં પલળી ગયેલ મગફળી ને સારી મગફળી થી અલગ રાખવી . |

સંકલન કર્તા : ડો.કિરણ કુમાર રેડ્ડી તથા શ્રી પી.વી.ઝાલા

Scanned with CamScanner